ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૨ ડીગ્રી
ભેજ
સવારે ૯૦ ટકા ● સાંજે ૭૫ ટકા
ગાંધીનગર તાપમાન

વૃક્ષ વાવો.. વૃક્ષ ઉછેરો મહાઅભિયાન.. ગાંધીનગર કલ્ચરલ ફોરમના મહાઅભિયાનના ચોથા દિવસે સેકટર-૭, ૮, સરગાસણ રેડિયન્ટ સ્કુલ અને ઈન્ફોસીટી સ્કુલ ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. પ્રત્યેક નાગરિક બે વૃક્ષ વાવે અને ઉછેરે એ મહાઅભિયાનને સેકટરે-સેકટરે સકારાત્મક પ્રતિસાદ મળતાં પર્યાવરણપ્રેમીઓમાં ભારે ઉત્સાહનું મોજું પ્રસર્યું છે. રવિવારે ગાંધીનગર કલ્ચરલ ફોરમના પદાધિકારીઓ અને કાર્યકરોએ વ્યક્તિગત અને સામુહિક ધોરણે વૃક્ષારોપણ કર્યું હતું.

અંધશ્રધ્ધા નિવારણ માટે રોટરી ક્લબ ઓફ કેપિટલ દ્વારા કાર્યક્રમનું આયોજન

રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા નિસર્ગ સાયન્સ કોમ્યુનિટી સેન્ટરના સહયોગથી આદર્શ નિવાસી કન્યા શાળા ખાતે અંધશ્રધ્ધા નિવારણ, સેનિટરી પેડ વિતરણ અને હર ઘર તિરંગા અંતર્ગત તિરંગા વિતરણના ત્રણ કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં અનિલભાઈ પટેલે વૈજ્ઞાનિક ઢબે નાળિયેરમાંથી ચૂંદડી કાઢવી, અગ્નિ ઉત્પન્ન કરવો, કંકુ કાઢવું જેવા અનેક પ્રયોગો થકી અંધશ્રધ્ધા, ભૂત-પ્રેત વિગેરે ડર વિદ્યાર્થીઓના મનમાંથી દૂર કરેલ. રોટે. અરવિંદભાઈ રાણાએ વૈદિક જ્ઞાન થકી અંધશ્રધ્ધા દૂર થાય તેવા પ્રયત્નો કર્યા હતા. આ ઉપરાંત આ કાર્યક્રમ બાદ સંકુલની ૧૩૦થી વધુ વિદ્યાર્થીનીઓને સેનેટરી પેડ્સ તેમજ શાળા આચાર્યને શાળા માટે તિરંગો ભેટ આપ્યા હતા. રોટે. મનોજભાઈ દ્વારા હર ઘર તિરંગા પ્રોજેક્ટ વિશે સમજ આપી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ પાર્થ ઠક્કર, રોટે.મનોજભાઈ સરૈયા, નિતાબેન રાણા, શાળાના આચાર્ય, શિક્ષકો સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા.

ફ્રેન્ડશીપ ડે નિમિત્તે અમદાવાદ ડિસ્ટન્સ રનર્સ ગ્રુપના ગાંધીનગર ચેપ્ટર દ્વારા ફ્રેન્ડશીપ ડે રનનું આયોજન કરવામાં આવ્યું હતું. સરિતા ઉદ્યાનથી શરૂ કરી વાયુસેના સર્કલ તરફના રૂટ પર ૧૦ થી ૨૧ કિલોમીટર સુધીનું રન કરી ને, અમદાવાદ તથા ગાંધીનગર ના ૧૦૦ થી વધુ દોડવીરો એ ફ્રેન્ડશીપ ડેની ઉજવણી કરી હતી. રનિંગથી ફેફસાની ક્ષમતામાં વધારો, હાડકાં તથા સ્નાયુઓની મજબૂતી, વજનમાં ઘટાડો તથા કાર્ડિયોવેસ્ક્યુલર ફિટનેસમાં સુધારો જેવા અનેક ફાયદા થાય છે. દસ થી વધુ વર્ષથી કાર્યરત અમદાવાદ ડિસ્ટન્સરનર્સ ગ્રુપ દ્વારા નિયમિત રીતે આ પ્રકારે ગ્રુપ રનનું આયોજન કરવામાં આવે છે. સ્વાસ્થ્યની જાળવણી માટે રનીંગ એ ખૂબ જ ફાયદાકારક પ્રવૃત્તિ છે તેવો સંદેશો આપવાના પ્રયાસ સાથે વહેલી સવારે ગ્રુપ રન કરી એડીઆર રનર્સે લોકોમાં જાગૃતતા કેળવી હતી.

જક્ષણી માતાજી મંદિર અને સાદરા પંચાયતમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું

ગાંધીનગર, તા.૭

જક્ષણી માતાજીના મંદિર પરિસર અને સાદરા પંચાયતના પરિસરમાં વૃક્ષારોપણની પ્રવૃત્તિ કરવામાં આવી હતી જેમાં લીમડા, ગરમાળા, વડ, ગુલમોહર અને કંજીના રોપા લગાવવામાં આવ્યા હતા અને જયા જ્યાં જગ્યા ત્યાં ત્યાં વૃક્ષારોપણ કરવામાં આવે અને સાથે સાથે તેનો જતન પણ કરવામાં આવે આ સૂત્ર પર રાષ્ટ્રીય સેવા યોજન એકમ દ્વારા વૃક્ષારોપણની ગતિવિધિ કરવામાં આવે છે પરિસરને ગીર ફાઉન્ડેશન, ગાંધીનગર અને વન અને પર્યાવરણ મંત્રાલય તરફથી ઈકો ફ્રેન્ડલી પરિસર તરીકેની માન્યતા પણ મળેલી છે અને આ યોજના અંતર્ગત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજન એકમને પ્રત્યેક વર્ષે વૃક્ષારોપણની પ્રવૃત્તિ કરવા માટે આર્થિક સહાય પણ આપવામાં આવે છે આ પ્રવૃત્તિમાં સ્વયં સેવક ચિરાગ ઓડનાં નેજા હેઠણ કરવામાં આવી હતી સંસ્થાનાં ડીન ડૉ. જગદીશચંદ્ર સાવલિયાએની સૂઝ અને માર્ગદર્શન તેમજ પ્રોત્સાહન અંતર્ગત આ પ્રવૃત્તિ કરવામાં આવી હતી આ કાર્યક્રમમાં વિશેષ ભૂમિકા સાદરા ગામના સરપંચ મહેશ ભાઈ રાવલની રહી હતી સાથે સાથે સ્વયં સેવક સંસ્કૃતિ જાની, ક્ષમા શર્મા અને મોતી ભરવાડ વિશેષ ભૂમિકા ભજવી હતી.

રેડિયન્ટ સ્કુલ ખાતે વૃક્ષારોપણ યોજાયું

ગાંધીનગર કલ્ચરલ ફોરમ, પ્રયાસ ચેરીટેબલ ટ્રસ્ટી ટીપી નં.૯, ઓમ ફાઉન્ડેશન તેમજ રેડિયન્ટ સ્કુલના સંયુકત ઉપક્રમે રવિવારે સરગાસણ ટીપી નં.૯ વિસ્તાર સ્થિત રેડિયન્ટ સ્કુલ ખાતે પર્યાવરણ જતન અને સંરક્ષણના ઉમદા આશય સાથે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાંઆવ્યો હતો. આ કાર્યક્રમમાં કલ્ચરલ ફોરમ વતી મુંજાલભાઈ રાવલ, પ્રયાસ ચેરીટેબલના પ્રમુખ જગદીશભાઈ નમેરા અને સેક્રેટરી હિંમતભાઈ પટેલ, ઓમ ફાઉન્ડેશનના નિકુંજ પટેલ, અલ્પેશ પટેલ, મેહુલ ચૌધરી અને પ્રગ્નેશ પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના કોર્પોરેટર છાયાબેન ત્રિવેદી, રેડિયન્ટ સ્કુલના વાઈસ પ્રિન્સીપાલ હિતેશ ગજ્જર તેમજ થ્રો બોલમાં નેશનલ લેવલે પહોંચેલો ગાંધીનગરનો યુવાન વેદાંત નાયી ઉપસ્થિત રહયા હતા.

વેદ ઈન્ટરનેશનલ સ્કુલ વાલી મીટીંગ યોજાઈ

ગાંધીનગર, તા.૭

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણ માં પેરેન્ટ્સ- ટીચર મીટીંગ યોજવામાં આવી હતી. બાળકોની ક્ષમતાઓનો ખ્યાલ મેળવવા તથા શાળાના અભ્યાસક્રમ તથા દરેક વિષયોમાં બાળકોનો કેટલો પ્રભાવ છે એ અંગેનો ખ્યાલ મેળવવા તથા શાળામાં ચાલતી પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓએ કેટલા ગુણ પ્રાપ્ત કર્યા છે તે વિશે માહિતગાર કરવા વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણ સ્કૂલમાં પેરેન્ટ્સ- ટીચર

મીટીંગ યોજવામાં આવી હતી. શિક્ષક દ્વારા બાળકોના અભ્યાસ જ નહિ પરંતુ તેના સંપૂર્ણ વિકાસના નિચોડનો ખ્યાલ વાલીમીટીંગ દરમ્યાન શિક્ષક અને વાલી દ્વારા કરવામાં આવે છે. શાળામાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ, અભ્યાસક્રમ તથા શાળાની પ્રણાલી વિશે માહિતી પ્રદાન કરવા આ વાલી મીટીંગ યોજવામાં આવી હતી.

વાલીઓના સહકારથી પેરેન્ટ્સ ટીચર મીટીંગ સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી.

શહેરની મધ્યમાં છતાં શહેરી સુવિધાઓથી વંચિત ગામ ધરાવતું સે-૧૫

સે.૧૫માં એકમાત્ર રહેણાંક વિસ્તાર ફતેપુરા ગામમાં પ્રાથમિક સુવિધાઓ બાબતે અનેક ફરિયાદો : ઉભરાતી ગટરો અને દૂષિત પાણીના ભરાવા સાથે ગંદકીનો માહોલ : ગામના અસરગ્રસ્ત ખેડૂતો હજુ પણ મળવાપાત્ર લાભથી વંચિત રહ્યાંની ફરિયાદો

ગાંધીનગર, તા.૦૭

ગાંધીનગરને પાટનગર તરીકે વિકસાવાયું તેમાં કેટલાંક ગામોને સમાવી લેવામાં આવ્યાં હતાં જ્યારે કેટલાંક ગામોની સીમની જમીન કે ખેતરોને સમાવી

લેવામાં આવ્યાં હતાં જેમાં વાવોલ ગામની સીમમાં જ્યાં મોટાભાગના ઠાકોર સમાજના ખેડૂત પરિવારો પોતાના ખેતરોને અને ગામ વચ્ચે અંતર વધુ હોવાને કારણે ખેતરોમાં જ ઘર બનાવીને ફતેપુરા પરાં તરીકે વર્ષોથી વસવાટ કરતાં હતાં તેનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. આ વાવોલનું પરુ ફતેપુરા આજે પણ શહેરની વચ્ચોવચ અકબંધ છે અને તેને સમાવી લેતાં સેકટર-૧૫માં એકમાત્ર રહેણાંક વિસ્તાર તરીકે સામેલ છે જ્યારે આ પરાં સિવાયનો સેકટરના અન્ય તમામ વિસ્તારમાં વિવિધ શૈક્ષણિક અને તેને સંલગ્ન સંસ્થાઓ તેમજ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા સહિતના અન્ય એકમોનો સમાવેશ થાય છે. સેકટર-૧૫માં સમાવિષ્ટ ફતેપુરા ગામના ખેડૂતોની જમીનો પાટનગરના નિર્માણમાં ખર્ચાઈ ગઈ પરંતુ આજે શહેરના આટલાં વિકાસ પછી પણ અંહીના પરિવારોને શહેરી સુવિધાઓના લાભથી વંચિત રહ્યાંનો વસવસો સતાવી રહ્યો છે.

સેકટર-૧૫માં ફતેપુરા ગામ સિવાયના ભાગમાં સરકારી કોલેજ ઉપરાંત ઓદ્યોગિક તાલીમ સંસ્થા - આઈટીઆઈ, મહારાણા પ્રતાપ હાઈસ્કૂલના સ્થાને વિકસેલી ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન, વિવિધ છાત્રાલયો ઉપરાંત જમીન ચકાસણી પ્રયોગશાળા અને પાણી પુરવઠા બોર્ડનું જલસેવા ભવન જેવી સરકારી કચેરીઓ આવેલી છે. આ સેક્ટરમાં એક માત્ર વસાહત એટલે ફતેપુરાને જ્યારે પાટનગરમાં સમાવાયું ત્યારે માંડ ૪૦થી ૫૦ જેટલાં પરિવારોનો વસવાટ હતો જ્યારે આજે આ પરાંમાં અંદાજે ૪ હજારથી વધુ નાગરિકો વસી રહ્યાં છે. અહીં સેક્ટર રચનાને બદલે ગામની પારંપારિક વસાહત છે જેના કારણે કેટલીક સુવિધાઓ જાણીતી કડી સર્વ વિશ્વવિદ્યાલય તેમજ બાબતે તંત્ર માટે પણ એક પડકાર છે. આજે ફતેપુરામાં પીવાના પાણીનો ફોર્સ ધીમો આવવાની સમસ્યા છે, જુની ગટર વ્યવસ્થા હોવાથી વારંવાર ગટરો ઉભરાવાના પ્રશ્નો સર્જાય છે જેના કારણે ગંદકી સાથે માખી-મચ્છર વગેરેનો ઉપદ્રવ વધી રહ્યો છે. ગામમાં અનેક સાંકડી ગલીઓના કારણે જુની સ્ટ્રીટ લાઈટોમાં સર્જાતી સમસ્યાના નિવારણ માટે તંત્રના વાહનો છેક સુધી લઈ જઈ શકાતા નથી. એલડીઆરપી અને આઈટીઆઈ કેમ્પસના પાછળના ભાગે તેમજ સાઈ સંકુલની બાજુના રસ્તેથી સેકટરમાં પ્રવેશતા માર્ગે નિચાણવાળા ભાગો હોવાથી વરસાદી પાણીના ભરવા સહિત કાયમી ગંદકી અને દુર્ગંધયુક્ત માહોલની સમસ્યા આ વિસ્તારની જાણે ઓળખ બની ગઈ છે. ફતેપુરા ગામમાં જાહેર સાફસફાઈ બાબતે ખાસ કરીને ગામના આંતરિક વિસ્તારમાં ભારે બેદરકારી જોવા મળે છે અને ડોર-ટુ-ડોર વેસ્ટ કલેકશનમાં પણ લાલિયાવાડીની ફરિયાદો ઉઠવા પામી રહી છે. બિસ્માર રોડરસ્તા સાથે ગ-માર્ગ પર મંથર ગતિએ બની રહેલાં અન્ડરપાસના કારણે સેકટર-૧૫માં ડાઈવર્ટ થતાં વાહનોના ટ્રાફિકથી અકસ્માતનો ભય રહે છે જેના નિવારણ માટે સાઈ સંકુલ સંલગ્ન માર્ગ પર સ્પિડ બ્રેકર્સની તાતી જરૂરિયાત જણાય છે.

સેકટર -૧૫માં એક પણ જાહેર બગીચો નથી, નથી રંગમંચ જે નથી કોમ્યુનિટી હોલ, એક હાઈસ્કૂલ હતી એ પણ બંધ કરી દેવાઈ અને ત્યાં હવે આઈઆઈટીઈ ચાલી રહી છે જ્યારે ફતેપુરા ગામમાં એક પ્રાથમિક શાળા છે તેમાં પણ શિક્ષકોની ઘટ છે જેના કારણે ગામના બાળકોના શિક્ષણ પર અસર પડી રહી છે. સમગ્ર સેક્ટરમાં આરોગ્ય કેન્દ્ર પણ નથી જેના માટે ફતેપુરાના ગ્રામવાસીઓને છેક સેક્ટર-૨૪માં લાંબા થવું પડે છે. સેક્ટરમાં નથી પોસ્ટ ઓફિસ કે નથી બેંક અને સેક્ટરમાં રોડ રસ્તાની હાલત પણ સ્હેજ પણ વખાણવા લાયક નથી.

ફતેપુરા ગામમાં મૂળ વસાહતીઓની જમીન પાટનગરના નિર્માણમાં લઈ લેવામાં આવી પરંતુ હજુ સુધી ઘણા અસરગ્રસ્ત ખેડૂતોને તેમની જમીનના બદલામાં મળવાપાત્ર લાભો પ્રાપ્ત થયાં નથી. તેમને પ્રોપર્ટી કાર્ડ ફાળવવાનું કોકડું પણ ગુંચવાયેલું હોવાથી કેટલાંકને તો વીજ કનેક્શન લેવામાં પણ સમસ્યા નડી રહી છે. ગામમાં છેવટે પોતાની ઘરની આસપાસ ગેરકાયદેસર દબાણો કરીને તેને ભાડે આપવાનો ધંધો વિકસ્યો છે જેના કારણે મોટી સંખ્યામાં અહીં પરપ્રાંતિય વસાહતીઓ આવીને ભાડે વસવાટ કરી રહ્યાં છે જેઓ મોટે ભાગે પસ્તિ-ભંગારના વેપારીઓ હોવાને કારણે અંહી ઠેર ઠેર પસ્તિ-ભંગારના ખડકલાં જોવા મળે છે જેના કારણે પણ અસ્વચ્છતાનો માહોલ સર્જાય છે. દારૂના વેપારની બદીનો પણ સામનો કરી રહેલું ફતેપુરા એકદંરે મોટાભાગની શહેરી સુવિધાઓથી વંચિત હોવાનો અહેસાસ કરી રહ્યું છે.

> "પ્રોપર્ટી કાર્ડની સમસ્યાને લીધે અનેક પરિવારોને વીજ કનેક્શન લેવામાં મુશ્કેલી પડી રહી છે. અંહી પ્રાથમિક શાળામાં શિક્ષકોની ઘટને કારણે બાળકોના શિક્ષણ પર અસર પડી રહી છે. અમારી પાસે અન્ય સેક્ટરવાસીઓ જેટલાં વેરા ઉઘરાવાય છે પરંતુ તેની સામે સુવિધાઓ તેમના જેટલી આપવામાં આવતી નથી"
>
> - રણછોડજી ઠાકોર
> પ્રમુખ, ફતેપુરા ગામ નાગરિક મંડળ

> "એલડીઆરપી અને આઈટીઆઈ કેમ્પસના પાછળના ભાગે તેમજ સાઈ સંકુલની બાજુના રસ્તેથી સેક્ટરમાં પ્રવેશતા માર્ગે નિચાણવાળા ભાગો હોવાથી વરસાદી પાણીના ભરવા સહિત કાયમી ગંદકી અને દુર્ગંધયુક્ત માહોલની સમસ્યા સતાવી રહી છે"
>
> - વિજયસિંહ માજીરાણા
> યુવા સામજિક અગ્રણી

> "સે.૧૫ના ફતેપુરામાં પાણીનો ફોર્સ ખૂબ ધીમો આવે છે, અંહી વારંવાર ગટરો ઉભરાવાની સમસ્યાને કારણે ગંદકીનો માહોલ રહે છે જે જાહેર આરોગ્ય માટે ખતરારૂપ છે. સ્ટ્રીટ લાઈટની પણ સમસ્યા ઉકેલાતી નથી અને ખાસ કરીને આ ગામના મૂળભૂત પરિવારો અસરગ્રસ્ત ખેડૂત પરિવારો છે જે પૈકી મોટાભાગના હજુ પણ તેમના અધિકારોથી વંચિત છે."
>
> - માનસિંહ ઠાકોર, અગ્રણી વસાહતી

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@gmail.com

જન્મદિને વધામણી

હરેશ જી જોશી
બનાસકાંઠા પ્રતિનિધિ
ગાંધીનગર સમાચાર
મો. ૮૦૦૦૯ ૧૧૬૧૬

અલ્પેશ કે ચૌહાણ
મો. ૯૬૨૪૩ ૭૦૭૩૫

ચંદ્રદીપસિંહ ચુડાસમા
મો. ૭૭૭૮૦ ૦૦૭૮૨

લતા દેવ
મો. ૯૭૧૪૧ ૦૮૮૭૪

કૈલાસબેન રમેશભાઈ પટેલ
મો. ૯૪૨૬૪ ૦૧૮૨૩

અંજુ મારવાડી

દેવલ ભાવસાર
મો. ૯૬૨૪૫ ૫૨૫૫૫

પ્રતિક્ષા એસ સોલંકી
મો. ૯૯૧૩૭ ૭૪૨૨૮

ધ્વનિ દિક્ષિત બ્રહ્મભટ્ટ

માહી દશરથસિંહ ખેર